પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩૮ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૩, સોમવાર; મહા વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગુજરાતના દરિયા પર ગંભીર ખતરો

## વૈજ્ઞાનિક ડો. રાજમલ જૈનના સંશોધનમાં ચોંકાવનારા તારણો : ગુજરાતના દરિયાઈ જળસ્તરની સપાટી સતત વધી રહી છે અને કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધવાથી સમુદ્રનું તાપમાન અને જળ સપાટી પણ વધી રહી છે



અમદાવાદ,તા.૧૯

ડૉ.રાજમલ જૈનના સંશોધનમાં ચોંકાવનારા તારણો સામે આવ્યા છે. ગુજરાતના દરિયાનું તાપમાન અને દરિયાઈ જળસ્તરની સપાટી વધી રહી છે તેમણે કહ્યું કે, આવનાર સમયમાં દરિયાના આસપાસના ગામડાઓ દરિયામાં સમાઈ જશે. તેમણેં જી સેટેલાઈટના ૧૯૭૮ થી ૨૦૧૮ સુધીના ડેટા એનાલિસીસ પરથી સંશોધન કર્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાતના દરિયાઈ જળસ્તરની સપાટી સતત વધી રહી છે અને કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધવાથી સમુદ્રનું તાપમાન અને જળ સપાટી પણ વધી રહી છે. ગુજરાતમાં મોટા પ્રમાણમાં કાર્બન ડાયોકસાઈડ વધી રહ્યું છે અને સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ કચ્છ અને વલસાડની થશે.

કૃણાલ પટેલ અને તેમના સાથીઓએ એક રિસર્ચ કર્યું હતું જેમાં ગુજરાતના ૪૨ વર્ષના ભૌગોલિક ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે કચ્છ જિલ્લામાં સૌથી વધુ દરિયાઈ ધોવાણ થયું છે, જ્યાં ૪૫.૯ ટકા જમીનનું ધોવાણ થયું છે. પટેલ અને તેમના સાથીઓએ ગુજરાતને ચાર રિસ્ક ઝોનમાં વિભાજિત કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# ઈઝરાયેલે સીરિયાના રહેણાંક વિસ્તારમાં મિસાઈલ દાગી

## સીરિયાની ચારેય તરફ તબાહી : ઇઝરાયેલે માનવતા નેવે મુકીને રહેણાંક વિસ્તાર પર મિસાઇલ દાગી દીધી

સીરિયા, તા.૧૯

ફરી એકવાર વાગી રહ્યાં છે ત્રીજા વિશ્વ યુદ્ધના ભણકારા. એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચે મહાયુદ્ધને કારણે વિનાશ વેરાયો છે. જેની અસર દુનિયાભરના વિવિધ દેશોમાં પણ જોવા મળી રહી છે. જીડીપી હોય કે આર્થિક સ્થિતિ બધુ જ આ યુદ્ધના ચક્કરમાં ડાઉન થઈ રહ્યું છે. જેને કારણે દુનિયાભરની સામાન્ય જનતાને મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે. એવામાં હવે ઈઝરાયેલ અને સીરિયા વચ્ચે વખતો જતો તણાવ ફરી વિશ્વ યુદ્ધ તરફ લઈ જઈ રહ્યો છે. ઈઝરાયેલે માનવતા નેવે મુકીને સીરિયાના રહેણાંક વિસ્તાર પર મિસાઈલ દાગી દીધી. સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સને ટાંકીને એએફપીએ અહેવાલ આપ્યો છે કે, દમાસ્કસમાં ઈઝરાયેલી સ્ટ્રાઈકમાં એક રહેણાંક બિલ્ડિંગ પર હુમલો થયો હતો, જેમાં નાગરિકો સહિત ૧૫ લોકો માર્યા ગયા છે.

# અદાણી હવે વિશ્વના અમીરોની યાદીમાં ૨૫માં નંબરે સરકી ગયા

## ગૌતમ અદાણીની નેટવર્થમાં સતત ઘટાડો

નવી દિલ્હી, તા.૧૯

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. શુક્રવારે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે ગ્રૂપના ૧૦માંથી છ શેરમાં વધારો થયો પરંતુ ચારમાં ઘટાડો થયો. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ અનુસાર, અદાણીની નેટવર્થ ઈં૧.૧૫ બિલિયન ઘટીને ઈં૪૯.૧ બિલિયન થઈ છે. અદાણી હવે વિશ્વના અમીરોની યાદીમાં ૨૫માં નંબરે સરકી ગઈ છે. આ વર્ષે તેની નેટવર્થમાં ૭૧. ૫ અબજ ડોલરનો ઘટાડો થયો છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સૌથી અમીરની યાદીમાં બીજા નંબરે પહોંચી ગયા હતા. હતો તે સમયે તેમની કુલ સંપત્તિ ૧૫૦ બિલિયન ડોલરની નજીક પહોંચી ગઈ હતી. પરંતુ ૨૪ જાન્યુઆરીએ હિંડનબર્ગના એક રિપોર્ટને કારણે અદાણી ગ્રુપના શેરમાં ભારે ઘટાડો થયો છે. અમેરિકન શોર્ટ સેલિંગ ફર્મ હિંડનબર્ગ રિસર્ચના આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અદાણી ગ્રૂપ દાયકાઓથી સ્ટોક હેરાફેરી અને એકાઉન્ટ ફ્રોડમાં સામેલ છે. જો કે અદાણી ગ્રુપે આ અહેવાલને ખોટો અને પાયાવિહોણો ગણાવ્યો હતો અને તેને ભારત વિરુદ્ધનું કાવતરું ગણાવ્યું હતું. અદાણી ગ્રુપના ૧૦માંથી ૪ શેર શુક્રવારે ઘટયા હતા. ગ્રૂપની ફ્લેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૪.૧૫ ટકાનો ઘટાડો



નોંધાયો હતો. આ કારણે કંપનીની માર્કેટ કેપ પણ ૨ લાખ કરોડ રૂપિયાથી ઓછી રહી છે. આ સિવાય અદાણી ટ્રાન્સમિશનમાં ૪.૮૭ ટકા, અદાણી ટોટલ ગેસમાં ૫.૦૦ ટકા અને ACCમાં ૦.૦૮ ટકાનો ઘટાડો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાને ભારતે છ વિકેટથી હરાવ્યું

## શ્રેણીમાં ૨-૦થી આગળ : રવિન્દ્ર જાડેજા અને અશ્વિનની શાનદાર બોલિંગ : ટીમ ઈન્ડિયાએ દિલ્હીમાં જીતનો ઝંડો ફરકાવ્યો : નાગપુર બાદ દિલ્હી ટેસ્ટ પણ ત્રીજા દિવસે જીતી લીધી : જાડેજાએ મેચમાં કુલ ૧૦ વિકેટ લીધી હતી

નવી દિલ્હી, તા.૧૯

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી





૨૦૨૩ની બીજી ટેસ્ટ મેચમાં પણ ઓસ્ટ્રેલિયાએ હારનો સામનો કરવો પડ્યો છે. દિલ્હીમાં રમાયેલા આ મુકાબલામાં ભારતીય ટીમે છ વિકેટે જીત મેળવી છે. આ ટેસ્ટ મેચના બીજા દિવસે ઓસ્ટ્રેલિયા જરૂર મજબૂત સ્થિતિમાં હતી પરંતુ ત્રીજા દિવસે પ્રથમ સેશનમાં તેનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. આ જીત સાથે ભારતે ચાર ટેસ્ટ મેચની સિરીઝમાં ૨-૦થી લીડ મેળવી લીધી છે.

આ મેચમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીત્યો હતો. તેણે પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું. ઉસ્માન ખ્વાજા (૮૧) અને પીટર હેન્ડ્સકોમ્બ (૭૨) સિવાય અન્ય કોઈ બેટ્સમેન અહીં ટકી શક્યો નહોતો અને ઓસ્ટ્રેલિયાની ટીમ માત્ર ૨૬૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી મોહમ્મદ શમીએ ૪ અને જાડેજા અને અશ્વિને ૩-૩ વિકેટ ઝડપી હતી. આ પછી પ્રથમ દિવસે ભારતીય ટીમે પણ કોઈ વિકેટ ગુમાવ્યા વિના ૨૧ રન બનાવી લીધા હતા.

બીજા દિવસની શરૂઆતથી જ ઓસ્ટ્રેલિયાના સ્પિનરો ભારતીય બેટ્સમેનો પર પ્રભુત્વ જમાવતા જોવા મળ્યા હતા. હાલત એવી હતી કે ભારતીય ટીમ ૧૩૯ રનમાં ૭ વિકેટ ગુમાવીને મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાઈ ગઈ હતી. અહીંથી, અક્ષર પટેલ અને આર અશ્વિને ૧૧૪ રનની ભાગીદારી કરીને ભારતીય ટીમને ફરી જીવંત કરી હતી. આ ભાગીદારીના કારણે ભારતીય ટીમે પ્રથમ દાવમાં ૨૬૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી નાથન લિયોને ૫ અને ટોડ

● અનુસંધાન પાન-૭ પર

# ઓસ્ટ્રેલિયા સામે વન-ડે સીરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

નવી દિલ્હી, તા.૧૯

ઓસ્ટ્રેલિયા સામે વન-ડે સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. ટેસ્ટ સીરિઝ પૂરી થયા બાદ ૧૭ માર્ચથી બંને ટીમો વચ્ચે વન-ડે સીરિઝ શરૂ થશે. ત્રણ મેચોની સીરિઝની પહેલી મેચ મુંબઈની વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. આ મેચમાં કેપ્ટન રોહિત શર્મા નહીં રમી શકે. બીસીસીઆઈએ જણાવ્યું કે, પારિવારિક કારણોથી રોહિત સીરિઝની પહેલી મેચ નહીં રમી શકે. તેના બદલે હાર્દિક પંડ્યા કેપ્ટનશિપ સંભાળશે. ભારત માટે ૨૦૧૩માં છેલ્લી વન-ડે રમનારા જયદેવ ઉનડકટને આ સીરિઝ માટે ટીમમાં સ્થાન મળ્યું છે.

Reputed Company Urgent

**Required Staff**

(1) Receptionist - 1 (M/F)
(2) Office Coordinator - 1
(3) Marketing Executive - 2
(4) Personal Assistance - 1
(5) House Keeping (Couple Must)

Mail : minaxigroup@hotmail.com
Mobile : 98240 31999

# દુલ્હન ઈજાગ્રસ્ત થતાં વરરાજા જાન લઈને હોસ્પિટલ પહોંચ્યો

## યુવતીને હાથ અને પગમાં ઈજા થઈ હતી : પરિવારે લગ્ન ટાળવાના સ્થાને હોસ્પિટલમાં કરવાનો નિર્ણય લીધો હતો



ખંડવા, તા.૧૯

મધ્યપ્રદેશના ખંડવા જિલ્લામાં એક અત્યંત રસપ્રદ કિસ્સો સામે આવ્યો છે. ફિલ્મોમાં તો તમે આ પ્રકારની સ્ટોરી જોઈ હશે. પરંતુ આ કિસ્સો રિયલ લાઈફમાં બન્યો છે. શાહિદ કપૂર અને અમૃતા રાવની ફિલ્મ વિવાહ જેવી જ ઘટના અહીં બની છે. અહીં એક વરરાજા પોતાની દુલ્હન સાથે પરણવા માટે હોસ્પિટલ પહોંચી ગયો હતો. સમગ્ર વિસ્તારમાં આ લગ્નની ચર્ચા થઈ રહી છે. મહાશિવરાત્રિના શુભ અવસર પર આ લગ્ન થયા. બન્ને પક્ષના લોકો પણ હાજર રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## હૃદયાંજલિ



### પ્રિય સર્વદમનસિંહજી

મરણ અહિં છો રહ્યું,
સ્મરણમાં વહે જીંદગી..

**પ્રિય બાપુ,**

અચાનક વિદાય હચમચાવી ગઈ...
ચિંર શાંતિ માટે પરમને પ્રાર્થના...

કૃષ્ણકાન્ત જહા
અને
ગાંધીનગર સમાચાર પરિવાર